ગાંધીનગર સમાચાર

# પ્રાંતિજ પી.આઈ.ને સસ્પેન્ડ તથા ચાર પોલીસકર્મીઓની બદલી સામે આક્રોશ

**ગ્રામજનો તથા વિવિધ સંસ્થાઓ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું : પી.આઇ.ને ફરજ ઉપર હાજર નહી કરવામાં આવે તો આવનાર દિવસોમાં જલદ આંદોલન યોજાશે : ફરજની વફાદારી પ્રાંતિજ પી.આઇ તથા ચાર પોલીસ કર્મીઓને ભારે પડી**

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઈ.ને ફરજમોકુફ તથા ચાર પોલીસ કર્મીઓને અન્ય સ્થળે બદલીને લઈને જનતામાં આક્રોશ જોવા મળ્યો હતો. જેને લઈને ગ્રામજનો તથા વિવિધ સંસ્થાઓ દ્વારા



તાલુકા સેવાસદન ખાતે આવેદનપત્ર આપ્યું હતુ.

ચાર દિવસ પહેલા પ્રાંતિજના કતપુર પાસેથી પ્રસાર થતી લાઈનની ગાડી પ્રાંતિજ પી.આઇ ટી.બી.રાઠોડ તથા તેમની ટીમ દ્વારા પકડી હતી અને તેને છોડવાની ના પાડતાં અને ઉપરી અધિકારીના આદેશનો અનાદાર કરતાં પ્રાંતિજ પી.આઇ ટી.બી.રાઠોડને સસ્પેન્સ અને ચાર પોલીસ કોન્સ્ટેબલોની તાત્કાલિક અસરથી બદલી જેમાં મદનસિંહ કલ્યાણસિંહની વિજયનગર, માનસિંહ મનવંતસિંહની પોશીના, મુકેશસિંહ લાલસિંહની ખેરોજ, રાજેન્દ્રસિંહ કુબેરસિંહની ખેડબ્રહ્મા ખાતે બદલી કરતા તરહ તરહની ચચાઓએ જોર પકડયું હતું. ત્યારે પ્રાંતિજ શહેર કોંગ્રેસ સમિતિ, યુવાભાજપ સંગઠન, વિશ્વહિન્દુ પરિષદ, બંજરદળ, ક્ષત્રિય ઠાકોરસેના, પાટીદાર કન્વીનર, માર્ગદર્શન મંડલ તથા ગ્રામજનો દ્વારા અલગ-અલગ રીતે પ્રાંતિજ પી.આઈ. તથા ચાર પોલીસ કર્મીઓના સમર્થકમાં આજે તાલુકા સેવાસદન ખાતે પ્રાંન્ત કચેરી તથા મામલતદાર કચેરીમાં અગલ-અલગ રીતે આવેદનપત્ર આપીને સૂત્રોચ્ચાર કર્યા હતાં અને પ્રાંતિજ પી.આઈ.ને તાત્કાલિક ફરજ ઉપર હાજર કરવા તથા ચાર પોલીસ કર્મીઓને પરત લાવવામાં નહી આવે તો આવનાર દિવસોમાં જલદ આંદોલન કરવામાં આવશે.

# કોંગ્રેસની પ્રથમ યાદી નવેમ્બરના પહેલા સપ્તાહમાં

**૧૦૦થી વધુ ઉમેદવારોના સીંગલ નામોની યાદીને આખરી ઓપ અપાઇ ગયો : ઉમેદવારોની યાદીને લઇને હજુ દુવિધા**

અમદાવાદ,તા. ૨૭

દિલ્હીમાં કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટી સાથે સતત ત્રણ દિવસ સુધી મેરેથોને બેઠકોના દોર બાદ ગુજરાત કોંગ્રેસના નેતાઓ અહીં પરત ફર્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. સંભવતઃ નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં કોંગ્રેસના ઉમેદવારની પહેલી યાદી જારી કરવાનું આયોજન ચાલી રહ્યું છે. ૧૦૦થી વધુ ઉમેદવારોના સીંગલ નામોની યાદીને આખરી ઓપ અપાઈ ગયો છે અને તેથી તા. ૬થી ૯ નવેમ્બરની વચ્ચે કોંગ્રેસના ઉમેદવારોની યાદી જાહેર કરાય તેવી શકયતા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ છેલ્લા ત્રણ દિવસથી દિલ્હીમાં ધામા નાંખ્યા હતા. સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓ સાથે ગુજરાત કોંગ્રેસના નેતાઓની ઉમેદવારોની પસંદગી સહિતની ચૂંટણીલક્ષી મુદ્દાઓને લઈ મેરેથોન ચર્ચા ચાલી હતી. ખાસ કરીને ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાયા બાદ ઉમેદવારોની પસંદગી અને બેઠકોના સમીકરણો પણ બદલાયા છે. તો સાથે સાથે પાટીદાર નેતા હાર્દિક પટેલ અને દલિત નેતા જિગ્નેશ મેવાણીએ ભાજપને મ્હાત આપવાના જાહેર કરેલા સંકલ્પને સફળ બનાવવાના ભાગરૂપે આ બંને નેતાઓને પણ ચૂંટણીમાં કઈ રીતે પોતાની સાથે રાખી શકાય તે મુદ્દે પણ ગહન ચર્ચા હાથ ધરાઈ હતી. જો કે, કોંગ્રેસ દ્વારા વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈ પહેલા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની બેઠકોના ઉમેદવારોના નામો ફાઈનલ કરાય તેવી શકયતા સેવાઈ રહી છે. ૧૦૦થી વધુ ઉમેદવારોના સીંગલ નામોને આખરી ઓપ અપાઈ ગયો છે. સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં ગુજરાતની વર્તમાન રાજકીય સ્થિતિ, લોકજુવાળ, જાતિવાદના સમીકરણો અને પાટીદાર-દલિત ફેકટર તેમ જ તાજેતરમાં જ કોંગ્રેસમાં જોડાયેલા ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરની સેનાને કેટલી ટિકિટો કયા ક્ષેત્ર માટે આપવી સહિતના મુદ્દાઓ પર મેરેથોન ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. ત્રણ દિવસની મેરેથોન ચર્ચા બાદ ગુજરાત કોંગરેસના નેતાઓ અહીં પરત ફર્યા છે. હવે આગામી દિવસોમાં સ્કીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટ સહિતના પદાધિકારીઓ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે ફરી ગુજરાતની મુલાકાતે આવશે અને પ્રદેશ નેતાઓ તેમ જ ઈલેકશન કમીટી સાથે બેઠક યોજશે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ આ વખતે તેની તરફેણમાં ઉભા થયેલા લોકજુવાળને લઈ કોઈપણ બાબતમાં કચાશ રાખવા માંગતી નથી. ખાસ કરીને ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાયા બાદ ઉમેદવારોની પસંદગી અને બેઠકોના સમીકરણો પણ બદલાયા છે. તો સાથે સાથે પાટીદાર નેતા હાર્દિક પટેલ અને દલિત નેતા જિગ્નેશ મેવાણીએ ભાજપને મ્હાત આપવાના જાહેર કરેલા સંકલ્પને સફળ બનાવવાના ભાગરૂપે આ બંને નેતાઓને પણ ચૂંટણીમાં કઇ રીતે પોતાની સાથે રાખી શકાય તે મુદ્દે કોંગ્રેસ ખાસ રણનીતિ તૈયાર કરી રહ્યું છે.

# ઉચ્ચ અધિકારીના પત્નિની પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર માટે સિવિલ તંત્ર ખડેપગે હાજર

ગાંધીનગર, તા.૨૭

રાજયના પાટનગરને પગલે શહેરમાં વસતા તમામ નાગરીકો વીઆઈપી છે. ત્યારે શહેરની સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની સારવારનો હેતું ભુલાઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. સિવિલના અધિકારીઓ મને કમને અધિકારીઓની સેવામાં વ્યસત બન્યા છે. ગતરોજ એક ઉચ્ચ અધિકારીના ઘરે મેડીકલ ઓફિસર અને એમ્બ્યુલન્સ સાથેની ટીમ કલાકો સુધી બેસી રહી હતી.ત્યારે આજે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીના પત્નિ સાથે સિવિલના તબિબ મોકલીને ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવવા સુધીની સેવા સિવિલ તંત્રએ પુરી પાડી હતી. સિવિલ તંત્રની આ સેવામાં ગરીબ દર્દીઓને કલાકો સુધી બેસવુ પડે છે. વારંવાર રજુઆત છતા તેઓનું કોઈ સાંભળતુ નથી. તેવી સ્થિતિમાં ગરીબ દર્દીઓની સ્થિતિ જાયે તો જાયે કહા જેવી થવા પામે છે.

રાજયની સરકારી હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવામાં આવે છે. સરકાર દર્દીઓને પુરતી આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે પ્રયત્નો કરી રહી છે. રાજયનો આરોગ્ય વિભાગ છેવાડાના માનવીને પણ આરોગ્યની ઉત્તમ સેવા મળે તેના માટે અધિકારીઓ રાત દિવસ કામ કરી રહ્યા છે. ત્યારે પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા ડોકટર્સ તેમજ અન્ય સુવિધા સાથે વ્યવસ્થામાં પણ વધારો થવા પામ્યો છે.જેથી દર્દીઓની સંખ્યા પણ વિશેષ રીતે વધવા પામી છે. સિવિલ જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ સિવિલના સત્તાધિશો સચિવાલયના અધિકારીઓની સેવા કરવાનું ભુલ્યા નથી. ગતરોજ એક અધિકારીના ઘરે એમ્બ્યુલન્સ સાથે મેડીકલ ઓફિસર અને તેમની ટીમ કલાકો સુધી બેસી રહી હતી તો આજે તો સિવિલમાંથી ડોકટરને ખાનગી હોસ્પિટલમાં અધિકારીના પત્નીની સારવાર માટે મોકલ્યા સુધીની સેવા કરવામાં આવી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા ઘણા સમયથી ગાંધીનગર સિવિલમાં આરોગ્ય વિભાગના એક અધિકારીની પત્નીની સારવાર ચાલી રહી હતી પરંતુ સિવિલની મર્યાદાઓ આવી જતા દર્દીએ પ્રાઈવેટમાં જવા માટે કહ્યું હતું જેને લઈને સિવિલના એક ડોકટરને આ દર્દી સાથે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર માટે મોકલ્યા હતા. તો બીજીબાજુ ઓપીડીના સમયમાં આ ડોકટરના દર્દીઓને અન્ય ડોકટરે જોવા પડ્યા હતા.



તલોદમાં બિહારી બંધુઓએ છઠ્ઠમાતા અને સૂર્યદેવની પૂજા-અર્ચના-નિવેદ સાથે નકોરડા ઉપવાસ કરી ધામધૂમથી ભક્તિપૂર્વક ઉજવણી કરી હતી.

# બાળવૈજ્ઞાનિક તરીકેની માનસિકતા વિકસાવી રહી છે : યુનિક-યુ સ્કૂલ, ઈડર

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર પૂર્વરાષ્ટ્રપતિ ડૉ. કલામજીના ઈન્ડિયા વિઝન-૨૦૨૦થી પ્રેરીત ગ્રામ્ય વિસ્તારના બાળકોને વૈશ્વીક સામર્થ્ય આપવા સમર્પિત વિશિષ્ટ સ્કૂલ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં વિદ્યાર્થીઓ રસ લેતા થાય અને બાળવૈજ્ઞાનિક તરીકે જ્ઞાન, કૌશલ્યો અને અભિગમ વિકસાવે તેવા પ્રયત્નો અહીં પ્રાથમિક કક્ષાએથી જ થઈ રહ્યા છે. આ શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રમાં થયેલ પ્રયત્નો અને પરિણામો વિદ્યાર્થીઓમાં બાળવૈજ્ઞાનિક તરીકેનું સામર્થ્ય વિકસી રહ્યું છે. તેની ઝાંખી કરાવે છે. આ સત્રના મુખ્ય પ્રયત્નો : આઈએસઓ-ઈન્ડિયન સાયન્સ ઓલમ્પિયોડમાં ૬૭ બાળકોએ ભાગ લીધો હતો. આઈસીઓ-ઈન્ડિયન સાયબર ઓલમ્પીયોડમાં ૯ બાળકોએ ભાગ લીધો. બડોલી સાયન્સ ડ્રામામાં ૯ બાળકોએ ભાગ લીધો. વિજ્ઞાન મેળામાં ૩ પ્રોજેક્ટ્સમાં ૧૦ બાળકોએ ભાગ લીધો. રૂરલ આઈટી કવીઝમાં ૪ ટીમોએ ભાગ લીધો. એનસીએસસી-નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં બે પ્રોજેકટમાં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. યુનિક-યુના વિદ્યાર્થીઓ મેળવેલ નોંધપાત્ર પરિણામો : રૂરલ આઈટી કવીઝમાં જિલ્લાની શ્રેષ્ઠ ૧૦ ટીમમાં યુનિક-યુ ની ૩ ટીમનો સમાવેશ. સાબરકાંઠા પ્રથમ, ચોથા અને છઠ્ઠા ક્રમે આવી આ ટીમ રાજયકક્ષાએ ગાંધીનગર ખાતે જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. એનસીએસસી-માં 'યુટીલાઈઝેશન ઓફ એકસેસ ફુડ' પ્રોજેક્ટ રાજ્યકક્ષાએ પસંદગી પામ્યો છે. આ સાથે 'ગ્રાસરૂટ ઈનોવેશન લેબની' શરૂઆત શાળામાં કરવામાં આવી છે. પ્રકાશ સુથાર, વડાલીના માર્ગદર્શનમાં નકામી વસ્તુઓમાંથી ૫૦ જેટલા વિજ્ઞાન-ગણિતના મોડેલ બનાવવાની શરૂઆત વિદ્યાર્થી-શિક્ષકોએ કરી દીધી છે.

ડૉ. વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, અમદાવાદની મદદથી સમગ્ર ગુજરાતમાં ગ્રામ્યકક્ષાએ પ્રથમ 'ઈનોવેશન લેબ' અહીં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭થી શરૂ થયેલ છે. ઈન્ટેલ કંપનીની મદદથી પણ ટેકનોલોજીના વર્કશોપ્સ અને મેકર્સફેસ્ટમાં યુનિક-યુ ના વિદ્યાર્થીઓ નિયમિત ભાગ લે છે.

## નવા નિયમો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમાં ૧૨માંથી ૭ જ્યોતિલિંગ પર શ્રદ્ધાળુઓ દૂધ-પંચામૃતથી અભિષેક કરી શકતા નથી. તેમાં ઓમકારેશ્વર, ધૃષ્ણેશ્વર, ત્ર્યમ્બકેશ્વર, ભીમાશંકર, મલ્લિકાર્જુન, કેદારનાથ અને સોમનાથ સામેલ છે. અહીં નક્કી કરેલા એક પ્રમાણમાં જ માત્ર પૂજારી જ અભિષેક કરી શકે છે. બાકી પાંચમાંથી ત્રણ જ્યોતિલિંગ કાશીવિશ્વનાથ-રામેશ્વરમ્ અને નાગેશ્વરમાં પ્રતિબંધ તો નથી પરંતુ સાવધાની રાખવામાં આવી રહી છે.

ઉજ્જૈનના જ્યોતિલિંગના નાના થવાની વાત પહેલા પણ સામે આવતી રહી છે પરંતુ કમિટીના રિપોર્ટમાં પહેલીવાર એ વાતની પુષ્ટિ થઈ છે કે નુકશાન થઈ રહ્યું છે. મહાકાલ મંદિરના પૂજારી પ્રદીપ ગુરુએ જણાવ્યું કે સવારે પંચામૃતથી અભિષેક થાય છે. ત્યારબાદ જળાભિષેક અને ભસ્મ આરતી થાય છે. રાત સુધી ચાર વખત અભિષેક થાય છે. શ્રદ્ધાળુઓ દિવસભરમાં ઘણીવાર પંચામૃત ચઢાવે છે અને ભાગથી શણગાર થાય છે.

ઉલ્લેખનીય છે કે નાસિક જિલ્લામાં ગોદાવરી નદી પાસે આવેલા ત્ર્યમ્બકેશ્વરમાં દૂધ કે પંચામૃત પર પ્રતિબંધ છે. આ પ્રતિબંધ લગભગ ત્રણ વર્ષથી છે. સૌરાષ્ટ્રના સોમનાથમાં શ્રદ્ધાળુઓના પ્રવેશ પર જ પ્રતિબંધ મૂકાયો છે. ગર્ભગૃહમાં શ્રદ્ધાળુઓ પ્રવેશી શકતા નથી. તેઓ દૂરથી જ જળાભિષેક કરી શકે છે. ઉત્તરાખંડમાં આવેલા કેદારનાથ મંદિરમાં પણ દૂધ ચઢાવવા પર પ્રતિબંધ છે. પહેલા અહીં લોકો પેકેટનું દૂધ ચઢાવતા હતા જે કેમિકલ યુક્ત હોવાના કારણે જ્યોતિલિંગને નુકસાન થયું હતું. હવે અહીં મોટી માત્રામાં ઘી અર્પણ કરવાની પરંપરા છે.

પૂજારીના જણાવ્યાં મુજબ સવારે પંચામૃતથી અભિષેક થાય છે. ત્યારબાદ જળાભિષેક અને પછી ભસ્મ આરતી. રાત સુધીમાં ૪ વાર અભિષેક થાય છે. શ્રદ્ધાળુઓ દિવસભરમાં અનેકવાર પંચામૃત ચઢાવે છે. ભાંગથી તેમનો શ્રૃંગાર કરવામાં આવે છે.

## રેલવે નેટવર્ક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિલને ઓછું કરી દેવા માટે રેલવેની યોજના ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓની જગ્યાએ વિજળી ઉત્પાદન કરનાર કંપનીઓ સાથે સીધી વિજળી લેવાની છે. આનાથી રેલવેની વાર્ષિક બચત ૨૫૦૦ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે. રેલવે દર વર્ષે સરેરાશ ૯૫૦૦ કરોડ રૂપિયાનું વિજળી બિલ અને ૧૭૦૦૦ કરોડ રૂપિયાનું ડિઝલ બિલ ચુકવે છે. આગામી પાંચ વર્ષમાં રેલવેને ૫૦૦૦ ઈલેક્ટ્રીક એન્જિનોની જરૂર પડશે. હજુ સુધી તેની પાસે ૪૪૦૦ ઈલેક્ટ્રીક એન્જિન છે. વારાણસી અને પશ્ચિમ બંગાળના ચિતરંજનના કારખાનાઓમાં વિજળીના એન્જિનનું નિર્માણ કરવામાં આવશે. આગામી વર્ષે માધેપુરાના એન્જિન કારખાનામાં પણ એન્જિનનું નિર્માણ કામ શરૂ થઈ જશે. ભારતીય રેલવે આધુનિકીકરણની દિશામાં અતિઝડપથી આગળ વધી રહ્યું છે. રેલવે પોતાના સંશાધનો મારફતે આ તમામ ખર્ચને પહોંચી વળવા માટે ઈચ્છુક છે. યાત્રીઓને વધુને વધુ સુવિધા મળે તે હેતુસર રેલવે દ્વારા પ્રાથમિક તૈયારીઓ કરવામાં આવી છે. રેલવે દ્વારા નવી ટ્રેનો દોડાવવાની પણ યોજના તૈયાર કરી લેવામાં આવી છે. મેટ્રો અને બુલેટ ટ્રેનને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ ઉપરાંત અન્ય નાના શહેરોને પણ ટ્રેન સાથે જોડાવાના પ્રયાસ શરૂ થયા છે. ટ્રેનોની ગતિને વધારવાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. હાલમાં રહેલી ટ્રેનોની ગતિ આગામી દિવસોમાં વધારી દેવામાં આવનાર છે. કેટલીક ટ્રેનોમાં આ પ્રયોગ કરાયા છે.

## મતદાન મથક...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પાંચ મતદાન મથકમાં જ મતદાન મથકો શહેરી વિસ્તારમાં બનાવાશે જ્યારે એક મતદાન મથક ગ્રામ્ય વિસ્તારમાં બનશે.

ગાંધીનગર (દ)ની બેઠકમાં અડાલજની નવી ગુજરાતી કુમારશાળા બુથ નં. ૧૫૯, દહેગામમાં મ્યુનિ. ગર્લ્સ હાઈસ્કૂલ બુથ નં. ૧૧૯, ગાંધીનગર (ઉ) બેઠક માટે સે. ૨ની સરકારી પ્રાથમિક શાળા બુથ નં. ૯૫, માણસા બેઠક માટે એલ.એચ. સાયન્સ કોલેજના બુથ નં. ૧૭૭ અને કલોલ બેઠક માટે પ્રા. શાળા નં. ૮ના બુથ નં. ૯૮નો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં પાંચ મોડેલ મતદાન મથક બનાવવામાં આવશે. જેમાં તમામ પ્રકારની સુવિધાઓ હશે. એસ્યોર્ડ મીનીમમ ફેસીલીટી ધરાવતા આ મતદાન મથકો તૈયાર કરવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં હોવાના સંકેતો આપતાં તેમણે કહ્યુ હતુ કે પ્રથમવાર આ પ્રકારના મતદાન મથકો ઉભા કરવામાં આવી રહ્યા છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં આચારસંહિતાનો અમલ સરૂ થઈ ગયો છે એટલુ જ નહિ આ ચૂંટણી વી.વી.પેટ સાથે યોજાઈ રહી હોવાથી તાલિમની કામગીરીનો પણ આરંભ થઈ ચુક્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે સ્ટેટીક સર્વેલન્સ માટેની ટીમો બનાવી દેવામાં આવી છે પરંતુ તે બધી ટીમો ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં કાર્યરત થશે. સામાન્ય માણસ પરેશાન ના થાય તેની કાળજી રાખવામાં આવશે.

## લાલઆંખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, વ્યક્તિ અને સંગઠનને નુકસાન પહોંચાડનાર ગતિવિધિઓને પણ રોકવામાં આવશે. પ્રવક્તાનું કહેવું છે કે, આ વટહુકમને બે હેતુથી લાવવાનો નિર્ણય કરાયો છે. પ્રથમ ઉદ્દેશ્ય એ છે કે, જાહેર અને ખાનગી સંપત્તિને નુકસાનથી રોકવામાં આવે. સાથે સાથે આવા અપરાધને અંજામ આપનાર લોકોને સીધીરીતે અપરાધી તરીકે ગણવામાં આવશે. બંધ, હડતાળ, દેખાવો અથવા તો કોઈપણ પ્રકારના વિરોધ પ્રદર્શન દરમિયાન જો જાહેર સંપત્તિને નુકસાન થશે તો સંબંધિતો પાસેથી જ દંડની વસુલાત કરવામાં આવશે. દંડ અથવા તો પ્રદર્શન માટે સૂચન કરનારને બેથી પાંચ વર્ષની સજા પણ ફટકારવામાં આવશે. આ ઉપરાંત સંપત્તિને નુકસાન પહોંચાડવાના મામલામાં દંડ પણ લગાવવામાં આવશે. આ પહેલાના કાયદામાં ખાનગી સંપત્તિઓને નુકસાનની સ્થિતિમાં કાર્યવાહીની જોગવાઈ ન હતી પરંતુ વટહુકમમાં આને જગ્યા આપવામાં આવી છે. પહેલાના કાયદા માત્ર સરકારી સંપત્તિ અથવા તો સરકારી સંસ્થાના માલિકી હક ધરાવનાર સંપત્તિને નુકસાન પર જ લાગૂ થતા હતા. પ્રવક્તાનું કહેવું છે કે, વર્તમાન કાયદામાં સુધારાનો નિર્ણય સુપ્રીમ કોર્ટના એક નિર્દેશને લાગૂ કરવા માટે કરવામાં આવ્યું છે. પ્રવક્તાનું કહેવું છે કે, સુપ્રીમ કોર્ટે રિડિસ્ટ્રક્શન ઓફ પબ્લિક એન્ડ પ્રાઈવેટ પ્રોપર્ટી વિરુદ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ એન્ડ અધર્સના કેસમાં સંપત્તિને નુકસાનના મામલામાં સુધારા કરવામાં આવ્યા છે. પ્રવક્તાના કહેવા મુજબ રાજ્ય વિધાનસભાનું સત્ર હાલમાં ચાલી રહ્યું નથી જેથી મુખ્યમંત્રી મહેબુબા મુફતીની ભલામણ ઉપર જમ્મુ કાશ્મીરની બંધારણની કલમ ૯૧ હેઠળ વટહુકમ લાગૂ કરવામાં આવ્યો છે.

# ભાજપ સરકારની ગુનાહીત બેદરકારી મનરેગામાં માત્ર ૬ ટકાને ફક્ત ૧૭ દિવસ જ રોજગારી મળી : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્યમાં વિકાસનાં નામે દેખાડાં કરી વાયબ્રન્ટ મહોત્સવો પાછળ અબજો રૂપિયાનું આંધણ કરનાર ભાજપ સરકારે સ્થાનિક લોકોને ક્યાંય રોજગારી આપી જ નથી. પરંતુ મનરેગા યોજનામાં પણ માત્ર ૬ ટકા કાર્ડધારકોને ફક્ત ૧૭ દિવસ જ રોજગારી આપી ગુનનાહિત બેદરકારી દાખવી હોવાનું જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આક્રોશ વ્યક્ત કર્યો છે કે, ગરીબો અને યુવા બેરોજગારોની આંતરડી કકળાવનાર સત્તાલાલચું ભાજપ સરકાર રાજકીય, સહકારી અને સામાજિક સંસ્થાઓનાં આગેવાનોને રૂપિયા આપી ખરીદવામાં જ રચ્યોપચ્યો રહ્યો છે.

ગુજરાતમાં છેલ્લા બે દશકાથી વિકાસની પોકળ ગુલબાંગો હાંકનાર નરેન્દ્ર મોદી અને ભાજપ સરકારનાં દાવાઓને પડકારતાં ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ૭ વાયબ્રન્ટ મહોત્સવો પાછળ અબજો રૂપિયાનું આંધણ કરવામાં આવ્યું છે. તેમાં આજદિન સુધીમાં કેટલા સ્થાનિક લોકો અને યુવા બેરોજગારોને નોકરી આપવામાં આવી... ? અબજો રૂપિયાનાં રોકાણનાં ગપગોળાઓ સામે ઉદ્યોગપતિઓને મફતનાં ભાવે



જમીનો અને સહાયની લ્હાણી કરનાર ભાજપ સરકારે કેટલાં શિક્ષિત બેરોજગારોને જમીન, લોન અથવા ફેક્ટરી આપી...? યુવા સ્વાવલંબન યોજનામાં મહિનાઓથી ઠેર ઠેર ભટકી રહેલાં યુવાનોનું કોઈ સ્વમાન નહીં રાખનાર ભાજપ ક્યાં મોઢે અડીખમની વાતો કરે છે.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગરીબોને રોજગારી માટે કોંગ્રેસની મહત્વાકાંક્ષી મનરેગા યોજનામાં ભાજપ સરકારે વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન શહેરી વિસ્તારોનાં ૩.૬૮ લાખ કાર્ડધારકોમાંથી માત્ર ૨૧ હજારને જ રોજગારી આપી છે. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં ૩૬ લાખ જેટલાં કાર્ડધારકોમાંથી માત્ર ૬૭ હજારને જ કામ આપ્યું છે. આ યોજનામાં ૧૦૦ દિવસ રોજગારી આપવાનાં બદલે માત્ર માત્ર ૧૭ દિવસ જ રોજગારી આપી આ કહેવાતી પ્રગતિશીલ ભાજપ સરકારે ગુનાહીત બેદરકારી દાખવી છે. ગુજરાતમાં ૨૦૧૫ના વર્ષમાં બંધ થયેલી ૧૧૯૩૩ ફેક્ટરીઓની સંખ્યા ઘણી જ વધી ગઈ છે. નોટબંધી અને જીએસટીથી લઘુ ઉદ્યોગો અને નાના વેપાર-ધંધા મૃત:પ્રાય થઈ રહ્યાં છે. ગામડાંઓમાં ૫૫ ટકા લોકો પાસે કોઈ જમીન કે પાકા મકાનો નથી જ્યારે રાજ્યમાં ૪૩.૨૮ ટકા લોકો છુટક મજુરી ઉપર જીવન ગુજરાન કરતાં હોય ત્યારે ભાજપે વાયબ્રન્ટથી લઈ મનરેગા સુધીની યોજનાઓમાં ગરીબ અને બેરોજગારોની હાય લઈ માનીતા ઉદ્યોગપતિઓને માલેતુજાર કર્યા છે તેને રાજ્યના એક-એક નાગરિકને યાદ રાખી જુસ્સાપૂર્વક મતદાન કરવા ડૉ. હિમાંશુ પટેલે અપીલ કરી છે.

# નારોલમાં સાતમા માળેથી પટકાતાં પરિણિતાનું મૃત્યુ

અમદાવાદ,તા. ૨૭

શહેરના નારોલ વિસ્તારમાં રેમ્બો હાઈટ્સ એપાર્ટમેન્ટમાં ગઈકાલે રાત્રે તાર પર સૂકાતા કપડા લેવા જતાં ૨૫ વર્ષીય પરિણિતા સાતમા માળેથી નીચે પટકાતાં તેનું કરૂણ મોત નીપજયું હતું. આ બનાવને પગલે એપાર્ટમેન્ટના રહીશો સહિત સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. જો કે, પોલીસે આ બનાવ અંગે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. પોલીસે આ અકસ્માત મોત છે કે અન્ય બીજુ કોઈ કારણ આ બનાવ પાછળ છે તે દિશામાં પણ તપાસનો દોર જારી રાખ્યો છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના નારોલ વિસ્તારમાં રેમ્બો હાઈટ્સના સાતમા માળે એ-૭૦૪ નંબરના ફલેટમાં રહેતા વિજય શર્મા વીમાકંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે.

ત્રણ વર્ષ પહેલાં તેમના લગ્ન રૂપાબહેન સાથે થયા હતા. ગઈકાલે રાત્રએ દસ વાગ્યાની આસપાસ રૂપાબહેન બાલ્કનીમાં સૂકવેલા કપડા લેવા ગયા ત્યારે અચાનક તેઓ સાતમા માળેથી નીચે પટકાયા હતા.

# અમેઠી અને રાયબરેલી દેશના સૌથી અવિકસિત પછાત વિસ્તારો : રાષ્ટ્રીય મંત્રી ડૉ. મહેન્દ્રસિંહ

મોડાસા, તા.૨૭

ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રીય મંત્રી અને ઉત્તર ગુજરાત પ્રદેશના વાહનવ્યવહાર મંત્રી ડૉ. મહેન્દ્રસિંહે અરવલ્લી જિલ્લામાં આજે બપોરે મોડાસા જિલ્લા કાર્યાલય ખાતે મોડાસા વિધાનસભાના મોડાસા અને ધનસુરા તાલુકાઓ અને મોડાસા શહેરના કાર્યકરોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે દેશના ૧૮ રાજ્યોમાં શાસન ધૂરા સંભાળતી ભારતીય જનતા પાર્ટી દેશની સૌથી મોટી કાર્યકર્તા આધારિત પાર્ટી છે.

આઝાદી પૂર્વથી આજસુધી ઘટેલી વિવિધ ઘટનાઓની તવારીખ સહિતની ઉંડી વિગતો આપી હતી. પ્રારંભે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ અને મહામંત્રી શામળભાઈ પટેલે વિધાનસભા ક્ષેત્રનો ચિતાર આપ્યો હતો અને પ્રમુખે ડૉ.




મહેન્દ્રસિંહનું સ્વાગત કર્યું હતુ.

મોડાસા વિધાનસભાના ૩૩૧ બુથના કાર્યકર્તાઓને તેમના બુથ સાચવવા અને બુથ જીતાડવા અપીલ કરતા અને લેવલ સુધીની વિસ્તૃત જાણકારી મેળવીને ડો. મહેન્દ્રસિંહે વધુમાં જણાવ્યું કે જે તે બુથ કાર્યકર્તા પોતાનું બુથ જીતાડી દે તો ગુજરાતમાં ૧૫૦ પ્લસ જંગી બહુમતી નિશ્ચિત છે જે પરિણામ અગાઉ ઉત્તર પ્રદેશમાં મોદીજીના વિકાસ અને અમિત શાહના સંગઠનના કારણે આપણે જોયું છે. પુરા દેશ અને દુનિયામાં ભાજપના કેસરિયાની આન, બાન અને શાન ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રણ વર્ષના શાસનમાં છવાઈ ગયા છે ત્યારે ગુજરાતમાં નિર્ધારિત લક્ષ કરતા પણ વધુ બેઠકોથી વિજય હાંસલ કરવાનો છે. બીજી તરફ સોનિયા-રાહુલના વિસ્તારો અમેઠી અને રાયબરેલી દેશના એવા સૌથી અવિકસિત પછાત વિસ્તારો છે જ્યાં આજે પણ કોઈપણ સુવિધાના અભાવે વિકાસના નામે મીંડું છે.

તેમણે કહ્યું કે હમણાં ગઈ તે નાની દિવાળી હતી મોટી દિવાળી તો ૧૮ મી ડિસેમ્બરે મનાવીશું. જેમાંથી એકપણ પ્રશ્નનો ઉત્તર ન આપી શકે તેવા આપણી પાસે કોંગ્રેસને પૂછવા જેવા અસંખ્ય પ્રશ્નો છે તેમ કહી તેમણે કેટલાક પ્રશ્નો ગણાવ્યા હતા. અત્યાર સુધી રાજ્યમાં કે મોદીજીના શાસનમાં ભાજપની સરકાર સામે કોઈ જ ભ્રષ્ટ્રાચારનો આરોપ નથી તે મોટી સિદ્ધિ છે.